## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ભક્તો સાવધાન !! હવે આ લોકો પાંચ જ રહ્યા છે માટે, પોતાને પાંડવ તરીકે ઓળખાવવા પ્રયત્ન કરે છે...**

# પોલીસ દળમાં પી.એસ.આઇ. સહિત વિવિધ સંવર્ગની ભરતી માટે આજે લેખિત પરીક્ષા

**વાયરલેસ પી.એસ.આઇ, મોટર ટ્રાન્સપોર્ટ તેમજ ટેકનિકલ ઓપરેટર સંવર્ગની કુલ ૩૩૩ ખાલી જગ્યા માટે ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાનુ આયોજન : ૩૮૭૫૦ ઉમેદવારો પરીક્ષા આપશે : ગાંધીનગરના ૭૮ કેન્દ્રો પર વ્યવસ્થા**

ગાંધીનગર તા ૨૬

ગુજરાત પોલીસ દળમાં વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ટેકનિકલ ભરતી બોર્ડ કક્ષાએથી આજે રાજયમાં વિવિધ સંવર્ગને અનુલક્ષી નોંધાયેલા ૩૮ હજારથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા યોજવામાં આવશે. જેમાં વાયરલેસ પી એસ આઇ, મોટર ટ્રાન્સપોર્ટ અને ટેકનિકલ સંવર્ગની કુલ ૩૩૩ જગ્યાઓ ભરવા માટે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં પણ ઉમેદવારો નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગરમાં વિવિધ ૭૮ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

વિકાસ સાથે સુરક્ષા અને સલામતીના અભય સંકલ્પને સાકાર કરવા પોલીસ અને સુરક્ષા તંત્ર અત્યંત મહત્વના અંગો છે. જેમાં સંદેશા વ્યવહાર અને મોટર ટ્રાન્સપોર્ટ પોલીસ વિભાગના મુખ્ય આધારસ્તંભ છે. ગૃહ વિભાગના ઠરાવ મુજબ રાજયના પોલીસ દળમાં આ મામલે ખાલી જગ્યાઓ ભરવા માટે નિર્ણય લેવાયો છે. જયારે ટેકનિકલ ભરતી બોર્ડ કક્ષાએથી આ મામલે ઉમેદવારો માટે લેખિત પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાત પોલીસ દળમાં પોલીસ સબ ઈન્સ્પેકટર વાયરલેસ સંવર્ગની કુલ ૬૨, પોલીસ સબ ઈન્સ્પેકટર મોટર ટ્રાન્સપોર્ટ સંવર્ગની કુલ ૩૫ તેમજ ટેકનિકલ ઓપરેટર સંવર્ગની કુલ ૨૩૬ સહીત કુલ ૩૩૩ ખાલી જગ્યાઓ સીધી કરવા માટે પ્રક્રીયા હાથ ધરવા ટેકનિકલ ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે. આ પરીક્ષાને અનુલક્ષી કુલ ૩૮૭૫૦ ઉમેદવારો માટે લેખિત પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨૭ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર અમદાવાદ ખાતે વિવિધ કેન્દ્રો ખાતે આ લેખિત પરીક્ષા લેવાશે જયારે પરીક્ષાને અનુલક્ષી વિવિધ કેન્દ્રો પર બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ખાતે પણ વિવિધ ૭૮ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી પારદર્શક રીતે પરીક્ષા યોજાય તે મુજબ સી સી કેમેરાની વોચ સાથે સલામતીના અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પરીક્ષાને અનુલક્ષી પોલીસ સબ ઈન્સ્પેકટર વાયરલેસ સંવર્ગની જગ્યા માટે કુલ ૧૧૧૮૫ ઉમેદવારો નોંધાયા છે. સવારે ૧૦:૩૦ થી બપોરે ૧ કલાક દરમિયાન પરીક્ષા લેવાશે. જયારે પોલીસ સબ ઈન્સ્પેકટર મોટર ટ્રાન્સપોર્ટ સંવર્ગને અનુલક્ષી કુલ ૧૨૨૨૨ પરીક્ષા આપશે. આ ઉમેદવારો માટે પણ પરીક્ષાનો સમય સવારે ૧૦:૩૦ થી ૧૩ કલાકનો રહેશે. ટેકનિકલ ઓપરેટર કુલ ૧૫૩૪૫ લેખિત પરીક્ષા આપશે. આ ઉમેદવારો માટે પરીક્ષાનો સમય બપોરે ૩ થી ૫ કલાકનો રહેશે. પોલીસ ભરતીને અનુલક્ષી ઉમેદવારો નિર્ભય રીતે આપી શકે તેમજ પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય કે કોઈ અવ્યવસ્થા ન થાય તે માટે નિયત કરાયેલી એસ ઓ પી મુજબ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષા કેન્દ્રો તેમજ સ્ટ્રોન્ગ રૂમમાં સી સી કેમેરાની વોચ રહેશે.

## ખૂણેખાંચરેથી

- આજે સાબરકાંઠા (મોડાસા)ના પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નારણભાઈ પટેલ તથા એ.એમ.સી.ના પૂર્વવિપક્ષના નેતા દિનેશ શર્મા વિધિવત્ રીતે કમલમ્માં કેસરિયો ધારણ કરશે.
- ડિફેન્સ એક્સપોને લઈ તૈયારીઓ વેગીલી બની છે. એક્ઝીબીશન સેન્ટરમાં સલામતી માટે સીઆઈએસએફના જવાનો તૈનાત થઈ ગયા છે.
- રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે બપોર પછી સ્વર્ણિમ સંકુલમાં બેસી અને ફાઈલોના નિકાલ સહિત મહત્વની બેઠકો યોજી હતી.
- બુધવારથી વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી આજે સચિવાલયની ઘણી કચેરીઓ કાર્યરત હતી.
- સે. ૨૨ માં આયુર્વેદ હોસ્પિટલમાં દર્દીઓ અને સ્વજનો તેમજ સ્ટાફને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. ફરજીયાત ઘરેથી પાણી લઈ જવાની ફરજ પડી રહી છે.
- કલોલ-માણસા રોડની દુરસ્ત કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટી ૨૮મીને સોમવારે ધમાસણા ખાતે પ્રતીક ઉપવાસ અને રસ્તા રોકો આંદોલન કરશે.
- સ્વામી દયાનંદ સરસ્વતીની ૧૯૮મી જન્મ જયંતિની ઉજવણી આર્યસમાજ સે. ૨૪ ખાતે ઉજવણી કરાઈ હતી. ત્રિદિવસીય ઉજવણી નિમિત્તે વેદ પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનુંસંક્રમણ ઘટતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.
- રાંધેજા-બાલવા માર્ગના રિપેરીંગ કામને લઈ કરાયેલ ટ્રાફિક ડાયવર્ટના નિર્ણયને પગલે રૂપાલ વરદાયિનીમાતા નજીક ખાસ ટ્રાફિક પોઈંટ ઉભો કરવાની માંગ ઉઠી છે.

# શહેરની શિક્ષિત મહિલા સાથે ૧.૧૦ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૨૬

શહેરની શિક્ષિત મહિલા રૂ.૧.૧૦ લાખની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. શહેરની મહિલા સાથે ફેસબુક દ્વારા મિત્રતા કેળવી પાયલોટ તરીકેની ભેજાબાજ ઠગે ઓળખ આપી હતી. જવેલરી સહિત અન્ય ચીજવસ્તુઓ પાર્સલ કરી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ દિલ્હી ખાતે પાર્સલ છોડાવવા માટે કસ્ટમ ડયુટી રૂ.૧.૧૦ લાખ ભરવા માટે ઓનલાઈન ટ્રન્સફર કર્યા હતા. ત્યારબાદ પાર્સલ ન આવતા છેતરપિંડીનો અહેસાસ થતા શિક્ષિત મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટરમાં રહેતા શિક્ષિત મહિલાને છ માસ અગાઉ તેમના મોબાઈલમાં ફેસબુક મેસેન્જર પર જેમ્સ બનાર્ડ નામથી ફ્રેન્ડ રીકવેસ્ટ આવતા તેમણે આ રીકવેસ્ટનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ જેમ્સ બનાર્ડ નામના ઠગે પોતે બેલ્જિયમ રહેતો હોવાનું અને પાયલોટ હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ વાતચીત દરમિયાન મહિલા પાસેથી નંબર મેળવી લીધો હતો. ત્યારપછી ભેજાબાજ શખ્સે બેલ્જિયમથી જવેલરી પાર્સલ કરવાની વાત કરી હતી. ત્યારબાદ જવેલરીનું પાર્સલ કુરીયર કરી દીધાની જાણ કરી હતી. ત્યારબાદ દિલ્હીથી મહિલા પર ફોન આવ્યો હતો અને તમારુ પાર્સલ આવી ગયું છે જેમાં વિવિધ ચીજવસ્તુઓ છે. આ પાર્સલ છોડાવવા માટે રૂ.૨૮,૮૦૦ કસ્ટમ ડયુટી ભરવાની વાત કરી હતી. ત્યાબાદ દિલ્હીની યુનિયન બેંકનો એકાઉન્ટ નંબર મોકલી આપ્યો હતો. જેને પગલે મહિલાએ તે જ દિવસે રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. જયારે બીજા દિવસે ફરીવાર ફોન આવ્યો હતો અને ઠગે પાર્સલ સાથે એક કવરમાં રોકડા રૂપીયા પણ છે. જેથી રૂ.૮૨ હજાર ડયુટી ભરવી પડશે. જેથી મહિલા લાલચમાં આવીને બીજીવાર પણ રૂ.૮૨ હજાર ટ્રાન્સફર કર્યા હતા. જો કે ઠગે ત્રીજીવાર ફોન કરીને મહિલા પાસે ડ્યુટી પેટે વધુ રૂ.૩.૮૦ લાખ માંગતા મહિલાને શંકા ગઈ હતી. જેથી મહિલાએ દિલ્હી અને બેલ્જિયમ ફોન લગાવતા ફોન બંધ આવ્યા હતા. જેથી મહિલાએ રૂ.૧.૧૦ લાખની ઓનલાઈન છેતપિંડી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આજે ગ્રામભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘનું ૩૯મું સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૯૬૩થી કાર્યરત ગ્રામભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘનું ૩૯મું ભૂતપૂર્વ વિદ્યાર્થી કાર્યકર સંમેલન તા. ૨૭મી ફેબ્રુઆરી રવિવારે સવારે ૯.૩૦ કલાકે સંસ્થાના મોતીભાઈ ચૌધરી સભાભવનમાં યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે પત્રકાર લેખક ડંકેશ ઓઝા ઉપસ્થિત રહેશે તેમજ સંમેલનમાં ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં શિક્ષણ, પર્યાવરણ જાગૃતિ તથા સામાજિક અને ગ્રામ વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહેલાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની મણીબહેન સોલંકી અને વિરમગામ તાલુકાના ઓગણ ગામ તેમજ તેની આસપાસના ગામોમાં સામાજિક, શૈક્ષણિક, કૃષિ વિકાસ તથા પર્યાવરણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહેલા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કરશનભાઈ ચાવડાનું સન્માન કરવામાં આવશે.



આજરોજ બાલવા સાર્વજનિક દવાખાના ખાતે માનનીય ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદસ્યશ્રી અજીતસિંહ રાઠોડ, ઉપપ્રમુખશ્રી તાલુકા પંચાયત જયોત્સનાબેન ચૌધરી, વિરોધપક્ષ નેતાશ્રી દીપકભાઈ ચૌધરી, તાલુકા સદસ્યશ્રી અશોકસિંહ વાઘેલા, તાલુકા સદસ્યશ્રી નારાયણકાકા, ભૂતપૂર્વ જીલ્લા સદસ્યશ્રી જયેશભાઈ ચૌધરી, સરપંચશ્રી/ઉપ સરપંચશ્રી બાલવા, PHC/CHC સ્ટાફ, બાલવા ગ્રામ વિકાસ મંડળ અને ગ્રામજનોની બહોળી ઉપસ્થિતિમાં મેડીકલ ઓક્સીજન કોન્સન્ટ્રેશન મશીન, લેબ ટેસ્ટીંગ મશીન વિગેરે સાધનોનું લોકાર્પણ કરવામાં આવેલ સાથોસાથ સગર્ભા મહિલાઓ તથા ટીબીના દર્દીઓને મહાનુભાવો દ્વારા પોષણકીટનું વિતરણ કરવામાં આવ્યું અને શાળામાં અભ્યાસ કરતી બાળાઓને પ્રોત્સાહક ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવેલ.



રાવત સમાજ વિકાસ અભિયાન ફાઉન્ડેશન દ્વારા મેયર હિતેશભાઈ મકવાણાનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ઉનાવા પાસે ઈકો-ટ્રેલર ટકરાતાં એકનુ મૃત્યુ

ગાંધીનગર-માણસા રોડ પર ઉનાવા પાસે ગત રાત્રીના સમયે ઈકો-ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઈકો કારનો ખુડદો બોલી ગયો હતો. ઈકોમાં સવાર બે મિત્રો પૈકી એકનું મૃત્યુ નિપજયું હતું. ઈકોનો આગળનો દરવાજો તોડીને યુવકને બહાર નીકાળ્યા હતા. જયારે અકસ્માત બાદ ટ્રેલર ચાલક મુકીને નાસી ગયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મહેસાણાના વિસનગર ખાતે ભવાની હાઉસીંગ સોસાયટી ખાતે કૃપાલભાઈ વાસુદેવ દિક્ષિત સુરત ખાતે ભાવિન ઈલેક્ટ્રોનીકમાં નોકરી કરે છે. ગત તા.૨૪ ના રોજ કૃપાલભાઈ અને તેમના મિત્ર રીતેશ પ્રવિણ પટેલ વેપારના કામ અર્થે સુરત ગયા હતા. સુરતમાં કામ પૂર્ણ કરીને બંન્ને મિત્રો તા.૨૫ ફેબ્રુઆરીના રોજ પરત વિસનગર જવા માટે નીકળ્યા હતા. ત્યારે ગતરાત્રીના સમયે ઈકો ગાડી નં. જી.જે.૦૨.બી.પી.-૭૪૯૮ લઈને ગાંધીનગર થી માણસા માર્ગ પર ઉનાવા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ઈકો રીતેશભાઈ ચલાવી રહ્યા હતા. તે સમયે ટહુકો હોટલ નજીક ટ્રેલર નં. જી.જે.૧૨.બી.એકસ-૮૫૯૭ના ચાલકે ટ્રેલર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સામેથી આવી રહેલી ઈકો કાર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. અકસ્માતના અવાજથી આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા. અકસ્માત બાદ ચાલક ટ્રેલર મુકીને ભાગી ગયો હતો. જયારે કૃપાલભાઈ ઈજાગ્રસ્ત હાલતમાં ઈકોની બહાર આવ્યા હતા. જયારે અકસ્માતમાં ઈકોના આગળના ભાગનો ભુક્કો બોલાઈ જતા રીતેશભાઈ કારમાં ફસાઈ જતા દરવાજો તોડીને બહાર નીકાળ્યા હતા.પરંતુ માથના અને શરીરે ગંભીર ઈજાને પગલે રીતેશ પટેલનું મૃત્યુ નિપજયું હતું. તે દરમિયાન ૧૦૮ આવતા બંન્ને યુવકોને હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબિબે રિતેશ પટેલને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે કૃપાલભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર ટ્રેલર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શેઠ ન મળતા શ્રમિકને માર માર્યો

ગાંધીનગર, તા.૨૬

તમારા શેઠ રાજુભાઈ પટેલ ક્યાં છે.? અમોએ ભાડે આપેલી ગાડી કયાં મુકી છે..? તેમ કહી લિમ્બડીયા ખાતે રાત્રીના સમયે રાજુ પટેલના મળતા તેમના મંડપ ડેકોરેશનમાં કામ કરતા કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ગડદાપાટુનો માર મારી જમણા પગે ઘુંટણના ભાગે લાકડી મારી હતી. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહિપાલ લાલસિંહ ગરાસીયા (ઉં.૧૯) છેલ્લા ચાર માસથી લિમ્બડીયા ખાતે ટીનાભાઈ ઠાકોરના વાડામાં પ્રિતમ હોટલ પાસે રહે છે. જયારે રાજુભાઈ પટેલના સાંઈ મંડપ ડેકોરેશનમાં મહિપાલ કામ કરે છે. જયારે લિમ્બડીયા ખાતે ગતરોજ રાત્રીના સમયે રૂમ પર તમામ કર્મચારીઓ હાજર હતા તે સમયે સંજય સોલંકી તેમના પત્ની કંચન સોલંકી બીજા બે વ્યકિતઓ સાથે આવ્યા હતા. તેઓએ તમારા શેઠ રાજુ પટેલ કયાં છે, અને અમોએ ભાડે આપેલી ગાડી કયા મુકી છે. તેમ કહીને શંભુભાઈ અને મહિપાલ સાથે ગાળાગાળી અને બોલાચાલી કરતા હતા. જેથી તેઓએ અમારા શેઠ જોડે જે વાત કરવી હોય તે કરજો તેમ કહેતા સંજય અને વસીમભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો.જયારે સંજય સોલંકીએ જમણા પગે લાકડી મારતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા નરોડા ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જેથી બનાવ અંગે ડભોડા પોલીસ મથકે સંજય સોલંકી, કંચનબેન સોલંકી અને વસીમભાઈ અને અન્ય એક શખ્સ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દેશ સરંક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે : જનરલ નરવણે

**જનરલ એમ. એમ. નરવણેએ કર્ણાવતી યુનિવર્સિટી ખાતે અમદાવાદ ડીઝાઇન વીક ૩.૦નું ઉદ્‌ઘાટન કર્યું : એર માર્શલ આર.કે.ધીર સહિત સંરક્ષણ ક્ષેત્રના રોકાણકારો અને ડીઝાઇનના ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં**

ગાંધીનગર, તા.૨૬

ભારતીય સેનાના ચીફ ઑફ આર્મી સ્ટાફ જનરલ એમ. એમ. નરવણેએ ગાંધીનગરના ઉવારસદ ખાતે આવેલ કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા આયોજિત આઇડિયા અને આંતરસૂઝના મહાકુંભ અમદાવાદ ડીઝાઈન વીકની ત્રીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યું હતું. એડીડબલ્યુની આ વર્ષની થીમ 'ડીઝાઈન એન્ડ ઈનોવેશન ઈન ડીફેન્સ એન્ડ એરોસ્પેસહ્ર છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના સલાહકાર એર માર્શલ રવિન્દર કુમાર ધીર અને જેનેસિસ ફિલ્મ પ્રોડક્શનના સ્થાપક પ્રહ્લાદ કક્કડ અને તેમની સાથે વિચારશીલ અગ્રણીઓ, સ્ટાર્ટઅપ, એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ અને સંરક્ષણ ક્ષેત્રના રોકાણકારો અને ડીઝાઈનના ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં યુનિવર્સિટી ખાતે આયોજિત ઉદ્‌ઘાટન સમારંભ દરમિયાન ઉપસ્થિત રહ્યાં હતા.




પોતાના ઉદ્‌ઘાટન સંબોધન દરમિયાન જનરલ એમ. એમ. નરવણેએ ડીઝાઈનના ચાર 'ડી' અંગે વાત કરી હતી, જે છે - ડીસ્કવર, ડીફાઈન, ડેવલપ અને ડીલિવર. ડીઝાઈન અને સંરક્ષણ ક્ષેત્રમાં તેના ઉપયોગોના મહત્ત્વ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'ભારતીય સેનાએ તાજેતરમાં જ ભવિષ્ય માટે સજ્જ રહેનારા યુદ્ધ વાહનો સંબંધિત એક કાર્યક્રમ શરૂ કર્યો છે. તે બંને હાલમાં વિભાવનાના સ્તરે છે અને અમે તેના માટે આઈડિયાને આવકારીએ છીએ. હાલમાં જે પ્રકારે પરિસ્થિતિઓ બદલાઈ રહી છે, તે જોતાં એરોસ્પેસ અને સંરક્ષણનું ભવિષ્ય ઈલેક્ટ્રિક છે. આપણે જેમ-જેમ આગળ વધતાં જઈશું તેમ-તેમ વધુને વધુ ઈલેક્ટ્રિક આધારિત ઉપકરણો આવતાં જશે, જે અશ્મિભૂત ઈંધણો પર આધારિત નહીં હોય. મિનિયેચરાઈઝેશનના ક્ષેત્રમાં ઘણું બધું કામ થઈ શકે તેમ છે. આપણને મોટા પ્લેટફૉર્મ પરવડે તેવા નથી. આપણા જહાજો અને એરક્રાફ્ટનું કદ નાનું હોવું જોઈએ. તમે કોઈ ચીજની ડીઝાઈન કરી રહ્યાં હો તો તમારે આજથી ૫૦ વર્ષ પછી તેની સ્થિતિ શું હશે તે ધ્યાનમાં રાખવી જરૂરી છે. અમે ટેકનોલોજી સંબંધિત ઉકેલો શોધી રહ્યાં છીએ.હ્ર તેમણે કહ્યું હતું કે 'વડાપ્રધાન આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપી રહ્યાં છે અને જે રીતે દેશનું નેતૃત્વ આગળ વધી રહ્યું છે તે જોતાં દેશ સરંક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધવા સાથે મજબૂત બની રહ્યો છે.'



● અનુસંધાન પાના ૭ પર

## સેકટર-૩ માંથી બાઈકની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૬ સી પ્લોટ નં. ૮૦૪ વિવેકાનંદ હોસ્ટેલ ખાતે રહેતા વિરમ પબાભાઈ ભરવાડ સેકટર-૨૫ હીટાચી હાઈરલ કંપનીમાં ટેકનીશીયન તરીકે ફરજ બજાવે છે. જયારે વિરમભાઈ નોકરીએ આવનજાવન માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.જે. ૦૮૪૧નો ઉપયોગ કરતા હતા.જયારે ગત તા.૩ ના રોજ રાત્રીના સમયે સેકટર-૩ ખાતે રહેતા મામાના ઘરે ગયા હતા અને રાત્રે જમીને બાઈક પાર્ક કરીને સુઈ ગયા હતા. જયારે સવારે ૮ વાગે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. તેઓએ આસપાસના વિસ્તારમાં પણ બાઈક અંગે શોધખોળ કરવા છતા નહી મળી આવતા પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધવતા પોલીસે વધુ તપાસ આદરી છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિજ્ઞાન ઉત્સવ - ૨૦૨૨નો પ્રારંભ

**સાયન્સ સિટી અને ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય વિજ્ઞાન ઉત્સવના સમાપને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૨૬

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૨ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલૉજી - ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે સાયન્સ સિટી ખાતે તા.૨૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવાસીય વિજ્ઞાન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેનો આજે પ્રારંભ કરાયો હતો.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી મનોરંજન સાથે વિજ્ઞાનના પ્રચાર -પ્રસાર દ્વારા સમાજને વિજ્ઞાન સાથે જોડાવા કટિબદ્ધ છે. પ્રતિવર્ષ તા.૨૮ ફેબ્રુઆરીએ ભારતના મહાન ભૌતિકશાસ્ત્રી સી.વી.રમન દ્વારા શોધાયેલ રમન ઈફેક્ટના માનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. વિજ્ઞાન દિવસ ૨૦૨૨ની થીમ 'સામુચિક ભવિષ્ય માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમાં સંકલિત અભિગમહ્ર અંતર્ગત સાયન્સ સિટી ખાતે સવારે ૮ થી રાત્રે ૮ કાલકે સુધી વિજ્ઞાન ઉત્સવ યોજાશે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિતે તા.૨૮ ફેબ્રુઆરીને સોમવારે સાયન્સ સિટી મુલાકાતીઓ માટે ખુલ્લું રાખવામા આવશે. વિજ્ઞાન ઉત્સવ - ૨૦૨૨ના ભાગરૂપે સાયન્સ સિટી ખાતે વિવિધ કાર્યક્રમો, જ્ઞાન સભર વ્યાખ્યાનો અને વિવિધ હેંડ્સ ઓન પ્રવૃતિઓ, ચેસ સ્પર્ધા, કોલેજના વિદ્યાર્થીઓએ વચ્ચે યૂથ પાર્લામેન્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. તા.૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘણીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નહેરા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. વિજ્ઞાન ઉત્સવમાં સામુચિક ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજીને સાંકળી સંકલિત અભિગમ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે. વિજ્ઞાન ઉત્સવના પ્રથમ દિવસે બાળકો માટે ચિત્ર સ્પર્ધા, ટેલિસ્કોપ થકી આકાશ દર્શન જેવી વિવિધ જ્ઞાન સાથે આનંદ આપતી પ્રવૃતિઓ યોજવામાં આવી હતી.